રાબડા ગામમાં દીપડાના આંટાફેરા CCTV કેમેરા કેદ, પશુપાલકોમાં ફફડાટ

વલસાડ : વલસાડના રાબડા ગામમાં દીપડાના આંટાફેરા CCTV કેમેરા કેદ થતા પશુપાલકો અને સ્થાનિક લોકોમાં ફફડાટ જોવા મળ્યો હતો. ઘટના અંગે વન વિભાગની ટીમને ઘટનાની જાણ થતાં આજુબાજુના વિસ્તારમાં ચેક કરી આ વિસ્તારમાં પાંજરૂ ગોઠવી કદાવર દીપડાનું રેસ્ક્યુ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

દિવાળીની ખરીદી કરવા માટે લોકો બજારોમાં ઉમટી પડ્યા

■ વલસાડ, સેલવાસ : દિવાળી પર્વને લઈને દાનહના બજારોમાં ભીડ જોવા મળી હતી. લોકો દિવાળીની ખરીદી કરવા માટે બજારમાં ઉત્સાહપૂર્વક ઉમટી પડ્યા હતા. દુકાનોમાં દીવડાઓ, ફટાકડાં, મીઠાઇ અને ઘર સજાવટ માટેની વિવિધ વસ્તુઓ ખરીદવા માટે લોકોની ભીડ જોવા મળી હતી. આ સિવાય નવા કપડાં ખરીદવા માટે પણ લોકોની ભીડ જોવા મળતા વેપારીઓમાં ખુશી જોવા મળી હતી. આજે રવિવારની રજા અને દિવાળી શરૂ થવાના શરૂઆતના દિવસને કારણે લોકો ખરીદી કરવા માટે ઉમટી પડ્યા હતા. બજારમાં છેલ્લા દિવસોમાં ઘરાકી નીકળતા વેપારીઓ પણ ખુશ જોવા મળી રહ્યા હતા. વલસાડમાં પણ દિવાળીની ખરીદી કરવા માટે લોકો વલસાડના સ્ટેડિયમ રોડ ઉપર આવેલા રવિવારી બજારમાં ભીડ જોવા મળી હતી.

વિદેશથી મોકલેલા દાગીના-રોકડ બાબતે પતિએ પૂછતા માઠું લાગતા પત્નીનો આપઘાત

ચીખલીના તલાવચોરાની પરિણીતાએ ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નીપજ્યું

પત્નીની સ્યુસાઇડ નોટમાં ફળીયાના યુવકને આપેલા ૧૧ લાખ પરત નહીં મળતા દંપતિ વચ્ચે બોલાચાલી થતી હતી

ધેજ : ચીખલીના તલાવચોરા નજીકના બારોલીયા મંદિર ફળિયા ગામની ૪૨ - વર્ષીય પરિણીતાએ ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું.

વિદેશમાં પતિએ કમાણી કરી પત્નીને મોકલેલા સોનાના દાગીના તેમજ રોકડ રકમ બાબતે પતિએ પત્નીને પૂછતા માઠું લાગી આવતા મહિલાએ સ્યુસાઇડ નોટ લખી ખેતરમાં કચરૂ મારવાની દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. જોકે પત્નીએ લખેલી સ્યુસાઇડ નોટમાં ફળીયામાં રહેતા યુવકને રૂપિયા ૧૧ લાખ આપ્યા હોય તે બાબતે અવાર નવાર માંગણી કરતા આપતો ન હોય અને છ મહિનાથી વિદેશ જતો રહ્યો હોવાનું કારણ બહાર આવ્યું હતું.

બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર તલાવચોરા બારોલીયા મંદિર ફળીયા ખાતે રહેતા ફરિયાદી નાનુભાઈ છનાભાઈ પટેલ (ઉ.વ-૫૫) ૨૭ વર્ષથી ઓમાન મસ્તકમાં નોકરી કરે છે. તે દરમ્યાન સોનાના દાગીના તેમજ રોકડ રકમ પત્ની ચંદનબેનને આપેલા હતા. જે બાબતે ગત ૨૪-ઓક્ટોબરના રોજ તેમણે પૂછતા મનદુ:ખ લાગી આવતા ૨૫-ઓક્ટોબરની બપોરના સમયે ખેતરમાં તેણીએ કચરૂ મારવાની દવા પી લેતા પ્રથમ ડુંગરી વૈદ હોસ્પિટલમાં બાદ વલસાડની હોસ્પિટલમાં ખસેડવામાં આવતા જ્યાં રવિવારની વહેલી સવારના સમયે ફરજ પરના તબીબે ચંદનબેન નાનુભાઈ પટેલને મૃત જાહેર કરી હતી.

જોકે પતિએ વિદેશમાં કમાઇને મોકલેલા નાણાં માંથી ગામના જ એક યુવકને ચંદનબેને રૂપિયા ૧૧ લાખ આપ્યા હોય જે રૂપિયા પરત ન આપી યુવક પ્રીત ઉર્ફે લાલુ સુભાષભાઈ પાછલા છ મહિનાથી ન્યુઝીલેન્ડ વિદેશ જતો રહેતા પતિ અને પત્ની વચ્ચે બોલાચાલી થતા જેના કારણે પત્નીએ ઝેર દવા પી લીધી હોવાનું પત્નીના કપડામાંથી નિકળેલી સ્યુસાઇડ નોટમાંથી જાણવા મળ્યું હતું. ઉપરોક્ત બનાવ બાબતે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

વિજલપોર ધોળીકુઈ માતાના મંદિર પાસે થયેલા ઝઘડામાં વધુ એક ગુનો નોંધાયો

મિશ્રા પરિવારે રાઠોડ પરિવાર સહિતના વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે 11 સામે ગુનો નોંધ્યો

નવસારી : વિજલપોર ધોળીકુઈ માતાના મંદિર પાસે થયેલા ઝઘડામાં મિશ્રા પરિવારે રાઠોડ પરિવાર સહિતના વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ લઈ 11 સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વિજલપોર સંસ્કાર રેસીડન્સીમાં રહેતા છોટીબેન રામચરિત્ર મિશ્રા (ઉ.વ. 60) નાતીન નિધિ સાથે ધોળીકુઈ માતાજીના મંદિર પાસે આવેલા તેમના જુના ઘરે ગયા હતા. ત્યાંથી સંસ્કાર એપાર્ટમેન્ટમાંથી પૂજા કરવા જતા હતા ત્યારે ગેટ પાસે પહોંચતા જ રમેશ રાઠોડે ઓય ઓ કરીને બોલાવતા છોટીબેને તેમના તરફ જોતા જ રમેશભાઈ અપશબ્દો બોલવા લાગ્યો હતો. જેથી છોટીબેને અપશબ્દો કેમ બોલો છો તેમ પુંછતા રમેશભાઈએ વાંસની લાકડી લઈ છોટીબેનને પગમાં મારવાની કોશીસ કરી હતી. ત્યારબાદ સંધ્યા રાઠોડે આવી તે અમારા ખીલાફમાં અરજી કેમ આપી છે કહી અપશબ્દો બોલવા લાગી હતી. દરમિયાન સંધ્યાબેને તું અમારા બધાની ખીલાફમાં દારૂની અરજી આપે છે, અમે તને છોડવાના નથી તેમ કહેતા જ બધા ભેગા થવા લાગ્યા હતા. કલાબેન, ગુલાબભાઈ, દેવીબેન, સુનિલ, સીલાબેન, છનાભાઈ, રવલીબેન, તારાબેન, દિપક જયંતીભાઈ, શીલાબેન, સુપા, તેની પત્ની અને માતા, પદમાબેન, દિપકભાઈ ભીખાભાઈ, મુકેશભાઈની પત્ની, રામલી અને તેની બે વહુઓ, સુખલી તેની ત્રણ દીકરી અને તેની ત્રણ વહુ, અમ્રત અને તેની વહુ અને છોકરો જયલો તથા ધનુબેન ભેગા થઈ ગયા હતા. તેઓએ છોટીબેનની નાતીન નિધિને ઊંચકી લીધી હતી. જેથી છોટીબેન તેને પકડવા જતા કલાબેને સહિતનાએ માર માર્યો હતો. ત્યારે છોટીબેનનો દીકરો મુન્નો આવતા મુકેશે મુન્નાને ખભાના ભાગે માર્યું હતું. દરમિયાન છોટીબેનનો નાનો દીકરો ઈશ્વર અને દીકરી વિધ્યાવતી દોડતા-દોડતા આવતા તેઓ બધા નાસી ગયા હતા. જતા-જતા તેઓએ જાનથી મારી નાંખીશું તેવી ધમકી આપી ગયા હતા. આ ઝઘડામાં છોટીબેનના ગળામાંથી બે તોલાની ચેન અને મુન્નાના ગળામાંથી ત્રણ તોલાની ચેન પડી ગઈ કે કોઈકે તોડી લીધી હતી. આ બનાવ અંગે છોટીબેને વિજલપોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પી.એસ.આઈ. જી.એ. ઘામોતે હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ઝઘડામાં અગાઉ ગુલાબભાઈ રાઠોડે વિજલપોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે શતશંકર ઉર્ફે મુન્ના રામચરિત્ર મિશ્રા, છોટીબેન મિશ્રા, ઈશ્વરશંકર મિશ્રા, ધ્રુવ મિશ્રા અને વિદ્યાબેન વકીલ વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો.

સંક્ષિપ્ત સમાચાર

વાપીની શાન્દ્રાબેન શ્રોફ જ્ઞાનધામ શાળામાં ફનફેર યોજાયો

વાપી: ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી તેમજ પારડી વિધાનસભાના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ દ્વારા શ્રીમતી શાન્દ્રાબેન શ્રોફ જ્ઞાનધામ શાળામાં વર્ષ 2024ના ફનફેર મેળામાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે રાજશ્રી ટંડેલ DEO પણ ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કનુભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલી વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવી હતી. શાળા સંચાલકો અને તમામ વિદ્યાર્થીઓને આવનારા દિવાળી અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાના આચાર્યા અચલાબેન જોશીએ આભાર પ્રગટ કરી ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

ડાંગ જિલ્લામાં આદિવાસી સમુદાય દ્વારા પરંપરાગત વાઘદેવની પૂજા અર્ચના કરવામાં આવી

સાપુતારા : ડાંગ જિલ્લામાં આદિવાસી સમાજ દ્વારા પરંપરાગત રીતે વાઘ બારસના પર્વની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે વાઘ બારસ નિમિત્તે ડાંગ જિલ્લાના આદિવાસી સમુદાય દ્વારા પરંપરાગત રીતે વાઘદેવની પૂજા અર્ચના કરવામાં આવી હતી. ડાંગ જિલ્લો એ પ્રાકૃતિક સૌંદર્ય અને વન પ્રદેશ માટે તો જાણીતો છે જ પરંતુ ડાંગ જિલ્લો એ પોતાના પરંપરાગત તહેવારને લીધે એક અલગ ઓળખ ધરાવે છે. વાઘ બારસના તહેવાર સાથે આદિવાસી સમાજની કેટલીક માન્યતાઓ જોડાયેલી છે. ડાંગ જિલ્લાના ગામડાઓમાં વાઘદેવતાનું સ્થાનક જોવા મળે છે. ત્યારે વાઘબારસના તહેવાર નિમિત્તે પાલતુ પશુ ઉપર ઔષધિય દવાઓનો છંટકાવ કરવામાં આવે છે. તેમજ ગામના લોકો પાલતુ પશુઓને ગામના ગોઠવણ પર ભેગા કરતા હોય છે. જે આદિવાસી સમાજના લોકો દ્વારા પૂજાને સામગ્રીઓ અને વિધિ દ્વારા પોતાની પરંપરાગત રીતે પૂજન વિધિ કરવામાં આવતી હોય છે. તેમજ વાઘદેવતાનાં સ્થાનકની પણ પૂજા કરવામાં આવતી હોય છે. તેમજ ગોવાળિયામાંથી વાઘ અને ભાલુ બનાવવામાં આવે છે અને પૂજન વિધિ કરવામાં આવતી હોય છે. ડાંગી આદિવાસી લોકો જંગલમાં ઢોર ચરાવવા જાય ત્યારે વાઘ દેવતાં અને નાગદેવતાંને તેમના ઢોરોથી દુર રહેવાની વિનંતી કરવામાં આવે છે. પૂજા વિધિ બાદ ગ્રામજનો સમુહભોજન કરીને પોતાના ઘરે પરત ફરતા હોય છે. વર્ષોથી ચાલી આવતી આદિવાસી પરંપરાને હજુ પણ ડાંગી આદિવાસી લોકોએ જાળવી રાખી છે. વાઘ બારસના દિવસે ડાંગ જિલ્લાના દરેક ગામડાઓમાં આ રીતે વાઘદેવતાની પૂજા કરવામાં આવે છે. ત્યારે આદિવાસી પ્રજા માટે તેમની સંસ્કૃતિ અને વર્ષોથી ચાલી આવતી પરંપરા સાથે તેમની આસ્થા જોડાયેલી છે.

વાપીની કોલેજમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું

વાપી : વાપીની આર.કે.દેસાઈ કોલેજમાં કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન દ્વારા સંયુક્ત ઉપક્રમે "सत्यनिष्ठा की संस्कृति से राष्ट्र की समृद्धि" વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો.પ્રીતિ ચૌહાણએ રિજનલ પીએફ કમિશ્નર-1 પ્રવિણ ગરવાલને પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું. પીએફ કમિશ્નર-2 રાજીવ કુમાર, સુનિલભાઈ, જયંતભાઈ, પ્રિયાંકભાઈને ડો.ગુંજન વશીને પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા. ત્યારબાદ વક્તવ્યના સ્વરૂપે પ્રવિણ ગરવાલે સત્યનિષ્ઠાનો સામનો કઈ રીતે કરી શકાય અને સંસ્કૃતિથી રાષ્ટ્રના નિર્માણ તરફ કઈ રીતે પ્રયાણ કરી શકાય એના વિશે સુંદર માહિતી આપી હતી. તાલીમાર્થી માટે 'सत्यनिष्ठा की संस्कृति से राष्ट्र की समृद्धि 'વિશે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં તાલીમાર્થીઓએ પોત પોતાના વિચારો રજૂ કરી સૌને મંત્ર મુગ્ધ કર્યા હતા. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સંસ્થાના અધ્યાપિકા ડો.ગુંજન વશી તેમજ પરવીન ઘરવાલ અને રાજીવ કુમારે ભૂમિકા અદા કરી હતી. તેમાં પ્રથમ ક્રમે એસવાય બીએડની તાલીમાર્થી પટેલ પલક, બીજાક્રમે રાઠોડ ધ્રુવી, ત્રીજાક્રમે એફવાય બીએડની તાલીમાર્થી ભાવના શુક્લા, ચોથાક્રમે એસવાય બીએડની તાલીમાર્થી પટેલ મનાલી અને પાંચમા ક્રમે એફવાય બીએડ્ના તાલીમાર્થી ટોકિયા મયુર આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન ડો.રાહુલ ટંડેલના નેજા હેઠળ કરાયું હતું. જ્યારે કાર્યક્રમનું સંચાલન ડો.જયંતિલાલ બારીસ દ્વારા કરાયું હતું. કાર્યક્રમનું આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા ઇન્ચાર્જ કેમ્પસ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ તેમજ કોલેજના આચાર્ય ડો.પ્રીતિ ચૌહાણે અભિનંદન પાઠવ્યા હતા.

બીલીમોરાના મોઢ ગાંધી યુવક મંડળે સમાજનાં 20 પરીવારોની દિવાળી સુધારી

બીલીમોરા : બીલીમોરા મોઢ ગાંધી યુવક મંડળે દિવાળી પર્વે બાંગિયા ફળીયા સમાજવાડીમાં રવિવારે 29 જરૂરીયાતમંદ પરીવારોને મેંદો, બેશન, ચોરાફળી, મોહનથાળ, પૌઆ, મઠીયા જેવી 15 વસ્તુઓની કીટ વિતરણ કરી હતી. દિવાળી પર્વે રવો, મેંદો, બેશન, ચોરાફળી, મોહનથાળ, પૌઆ, મઠીયા જેવા વ્યંજનોનો વપરાશ થતો હોય છે. ત્યારે મોઢ ગાંધી યુવક મંડળએ 20 જરૂરીયાતમંદ પરીવારોને આવશ્યક 15 ચીજવસ્તુની કીટ વિતરણ કરી હતી. આ ઉપરાંત ત્રણ પરિવારને મેડિકલ સહાય પણ આપવામાં આવી હતી. યુવાનોનાં માનવતાવાદી પ્રેરણાદાયી અભિગમને સમાજજનોએ બિરદાવ્યો હતો. બીલીમોરા મોઢ ગાંધી યુવક મંડળ વધુને વધુ સેવાકીય કાર્યો કરે તેવા આશીર્વાદ સાથે માતાજીને પ્રાર્થના કરી હતી.

સાપુતારા ઘાટમાં કપાસનો જથ્થો ભરેલો ટેમ્પો પલટી ગયો

સાપુતારા : ડાંગ જિલ્લાનાં સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં માલેગામ ઘાટમાર્ગમાં કપાસનો જથ્થો ભરેલો આઈસર ટેમ્પો પલ્ટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ મહારાષ્ટ્રનાં સંગમનેરથી કપાસનો જથ્થો ભરી અમદાવાદ તરફ જઈ રહેલો આઈસર ટેમ્પો ન. જી.જે.03.બી.ઝેડ 6460 જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં માલેગામ ઘાટમાર્ગ નાં ચુટર્ન વળાંકમાં ચાલક દ્વારા અચાનક સ્ટિયરીંગ પરનો કાબૂ ગુમાવી દેતા આ આઈસર ટેમ્પો માર્ગની સાઈડમાં પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં આઈસર ટેમ્પાને જંગી નુકસાન થયુ હતુ. જ્યારે ચાલક અને ક્લીનરને શરીરનાં ભાગે નાની મોટી ઈજાઓ પહોચવાની સાથે તેઓનો ચમત્કારિક બચાવ થયેલો હોવાની વિગતો સાંપડેલી છે.

સંક્ષિપ્ત સમાચાર

નવસારી લાયન્સ ક્લબ દ્વારા રોડ શો રંગોળી સ્પર્ધાનું આયોજન

નવસારી : નવસારી લાયન્સ ક્લબ દ્વારા સતત ત્રીજા વર્ષે બાળકોના કૌશલ્ય અને પ્રતિમા વિકસાવવાના હેતુથી રોડ શો રંગોળી સ્પર્ધાનું આયોજન આજે દુધિયા તળાવના વોક-વે ખાતે સવારે 8 થી 10 વાગ્યા દરમિયાન કરવામાં આવ્યું હતું. જ્યાં 85 બાળકો અને 4 ઓપન સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં વિષય આપણા તહેવારો અને વિશ્વ શાંતિ તથા મનગમતી રંગોળી રાખવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પરેશભાઈ પટેલ, મીનાબેન દેસાઈ, કેયુરભાઈ, પ્રોજેક્ટ ચેરમેન સોનીયાબેન, રાજેશ્રીબેન અને કલબના તમામ સભ્યો હાજર રહ્યા હતા. આ સ્પર્ધામાં દરેક ગ્રુપમાં 3 ઇનામ, આશ્વાસન ઇનામ આપવામાં આવ્યા હતા.

વાંસદાની પ્રતાપ હાઇસ્કુલના આચાર્યનો નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો

વાંસદા : વાંસદાની પ્રતાપ હાઇસ્કુલના આચાર્ય મહેન્દ્રસિંહ પરમારનો નિવૃત્તિ સમારોહ રાખવામાં આવ્યો હતો. ગુજરાત રાજ્ય મા. અને ઉ. મા. શિક્ષણ વિભાગના નાયબ અધ્યક્ષ ડી એસ પટેલના અધ્યક્ષ સ્થાને નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો હતો. મુખ્ય મહેમાન તરીકે શ્રીમંત મહારાજા સાહેબ જયવિરેન્દ્રસિંહજી સોલંકી, અતિથિ વલસાડ જિ. શિ. અધિકારી ડો.રાજેશ્રીબેન ટંડેલ, ભૂતપૂર્વ વિદ્યાર્થી અબ્બાસભાઈ કોન્ટ્રાક્ટર, પ્રમુખ નટુભાઈ પાંચાલ, ઉપપ્રમુખ રાજેશભાઈ ગાંધી, ટ્રસ્ટી ધર્મેન્દ્રસિંહ સોલંકી, મુકેશ પાનવાલા, કમલેશભાઈ કેવટ ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું પુષ્પગુચ્છ અને પુસ્તક આપી નાયબ અધ્યક્ષ ડી એસ પટેલના હસ્તે સન્માનપત્ર, અને શાલ ઓઢાડી આચાર્ય મહેન્દ્રસિંહ પરમારનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રીમંત મહારાજાના હસ્તે પણ સન્માન કરવામાં આવ્યું હતુ. આચાર્ય મહેન્દ્રસિંહ પરમારે શાળાએ મેળવેલી સિદ્ધિઓ વિશે વાતો કરી શાળાની વિકાસ યાત્રામાં સહકાર આપવા બદલ તમામનો આભાર માન્યો હતો.

મજીગામની પૌરાણિક શ્રી મલ્લિકાર્જુન મહાદેવજીના મંદિરે કાળી ચૌદશનો મેળો ભરાશે

ધેજ : ચીખલી નજીકના મજીગામ સ્થિત અતિ પ્રાચીન પૌરાણીક શ્રી મલ્લિકાર્જુન મહાદેવજીના મંદિરે વર્ષોની પરંપરા મુજબ દિવાળીના પર્વ નિમિત્તે કાળી ચૌદશનો મેળો ગુરૂવારના રોજ ભરાશે. આ મેળામાં દરવર્ષે મજીગામ ઉપરાંત આસપાસના ગામમાં લોકો હજ્જારોની સંખ્યામાં ઉમટી પડતા હોય છે. અને શ્રી મલ્લિકાર્જુન મહાદેવજીના દર્શન પૂજા અર્ચના કરી મેળાનો આનંદ માણતા હોય છે. છેલ્લા કેટલાક વર્ષથી સ્થાનિકો દ્વારા મેળામાં આવતા તમામ લોકો માટે મહાપ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ૩૧/૧૦/૨૪ ના ગુરૂવારના રોજ યોજાનાર આ મેળામાં ૧૧:૩૦ થી ૨:૩૦ સુધી યોજાનારા મહાપ્રસાદનો લાભ લેવા આયોજકો દ્વારા સર્વ ભાવિક ભક્તોને જણાવાયું છે.

સાયલીમાં ટ્રક નાળામાં ખાબકી

■ સેલવાસ : સાયલીની બલબીર મેટલ કંપનીમાંથી માલ ભરીને મુંબઈ જતી ટ્રક સાયલી નમો મેડિકલ કોલેજ પાસેના નાળા નજીક પલટતા અકસ્માત સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ટ્રકમાં મોટા પ્રમાણમાં મેટલનો સામાન ભરીને ડ્રાઈવર ટ્રક લઈને મુંબઈ તરફ જઈ રહ્યો હતો. સાયલી ગામે જતા માર્ગમાં નાળા નજીક ટ્રકનું સંતુલન ગુમાવતાં તે પલટી ગઈ હતી. આ ઘટનામાં ડ્રાઈવર અને ક્લિનરને સામાન્ય ઈજાઓ થઈ હતી, જેને હોસ્પિટલમાં સારવાર કરીને પાછા મોકલી દેવામાં આવ્યા હતા.

પારડી પારનદીમાં માછલાં પકડવા ગયેલો યુવાન ડૂબી ગયો

પારડી : પારડીના પરવાસા ગામે પટેલ ફળિયા ખાતે રહેતા મિકુલભાઈ ખુશાલભાઈ પટેલ પરિણીત પુત્ર ઉદય પટેલ (ઉવ 33) સાથે બાપા સીતારામ મંદિર પાસે પાર નદીના ચેકડેમ પર માછલી પકડવા માટે ગયા હતા. દરમિયાન પુત્ર ઉદયે પોતાનું સંતુલન ગુમાવી ડેમના ઉંડા પાણીમાં પડી ગયો હતો. જોકે પુત્રને ડૂબતાં જોઈ પિતાએ બૂમા બૂમ કરતા લોકોને દોડી આવી ઉદયની પાણીમાં શોધખોળ શરૂ કરી હતી. રવિવારે સવારે ઉદયનો પાણીમાં મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતાં પારડી પોલીસ મથકેથી હેકો. દિનેશ અભેસિંહ દોડી ગયા હતા અને મૃતદેહનો કબજો લઈ પારડી રેફરલ હોસ્પિટલ ખાતે મોકલાવી પીએમ કરાવી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ખેરગામમાં વાનચાલકની ટક્કર લાગતા બાઈક ચાલકનું મોત

ખેરગામ : પીપલખેડથી ખેરગામ જતા ખેરગામ ખાખરી ફળિયા ખાતે જાહેર માર્ગ ઉપર વાન કાર ચાલકે બાઈકને ટક્કર મારતાં બાઈક ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ડોલવણ તાલુકાના ઉમરકચ્છ નિશાળ ફળિયા ખાતે રહેતા તુષાર અનિલ ચૌધરી અને ભાવિન અનિલ ચૌધરી બાઈક લઈ ખેરગામ એપીએમસી માર્કેટ ખાતે આવી રહ્યા હતા. તે દરમિયાન પીપલખેડથી ખેરગામ જતા ખાખરી ફળિયા ખાતે જાહેર માર્ગ ઉપર એક સફેદ કલરની વાનના ચાલકે મોટરસાયકલને ટક્કર મારતા તુષાર અનિલ ચૌધરી (ઉ. 24)ને શરીર તથા માથાના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. જ્યારે ભાવિન અનિલ ચૌધરી (ઉ. 22)ને ડાબા પગમાં ફેક્ચર ઉપરાંત શરીરે ઈજાઓ પહોંચતા સારવાર લેવાની નોબત આવી હતી. ઉપરોક્ત બાબતની ડોલવણના ઉમરકચ્છમાં રહેતા રાકેશ બાબુસિંગ ચૌધરીએ ફરિયાદ આપતા ખેરગામ પોલીસે વાનચાલક સામે ગુનો નોંધી ઘટનાની વધુ તપાસ પીએસઆઈ એમ.બી.ગામીતે હાથ ધરી હતી.

ડાંગમાં સાયબર ક્રાઈમે 1 લાખની છેતરપિંડી કરનાર ગેંગના બે સભ્યોને ઝડપી પાડ્યા

ફેસબુક પર એક ખોટી આઈ.ડી. બનાવી એક લાખની છેતરપિંડી કરવામાં આવી હતી

સાપુતારા : ડાંગ જિલ્લાની સાયબર ક્રાઈમ પોલીસે એક મોટી સફળતા હાંસલ કરી છે. એક લાખ રૂપિયાની છેતરપિંડી કરનાર એક ગેંગના બે સભ્યોને કચ્છ-ભૂજથી ઝડપી લેવામાં આવ્યા છે. આરોપીઓ પાસેથી 81,500 રૂપિયાનો મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો છે. અને બે ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા. ડાંગ જિલ્લામાં ગત તા. 20/06/2024ના રોજ આહવા પોલીસ સ્ટેશનમાં એક ફરિયાદ નોંધાઈ હતી. જેમાં ફેસબુક પર એક ખોટી આઈ.ડી. બનાવી એક લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી. જે બાદ પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીઓને શોધવા પોતાના ચક્રો ગતિમાન કર્યા હતા.

સાયબર ક્રાઈમ પોલીસે તપાસ દરમિયાન તકનિકી સર્વેલન્સના આધારે આરોપીઓને ભૂજ અને જામનગરમાં હોવાનું જાણવા મળતા કચ્છ એલસીબીની મદદથી આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે રમજાન સાલેમામદ સોઢા (ઉ.વ.૩૨, રહે. ભૂજ-કચ્છ) અને આસીફ ઉમર લંગા (ઉ.વ ૨૨, રહે. ભૂજ-કચ્છ) ની અટકાયત કરી હતી.

આરોપીઓની પૂછપરછ દરમિયાન સામે આવ્યું હતું કે, રમજાન સાલેમામદ સોઢાએ વોન્ટેડ આરોપી ફૈજલ કાસમ લંગાએ ફેસબુક ઉપર દેવા આહીર નામે ખોટી આઈ-ડી બનાવી ભોગ બનનારને ત્રણ ગણા પૈસા આપવાની લાલચ આપેલી હતી અને ઓનલાઈન એક લાખ રૂપિયા પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવેલા હતા. એક લાખમાંથી તેણે ચાલીસ હજાર વોન્ટેડ આરોપી ફૈઝલના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરેલા છે તથા પચાસ હજાર રૂપિયા અન્ય વોન્ટેડ આરોપી સીકંદર ઉર્ફે સીકલો જુસબ સોઢાને વિડ્રો કરી રોકડા આપેલા હતા.

આ બંને આરોપીના સાગરીતો સિકંદર ઉર્ફે સીકલો જુસબ સોઢા (રહે. ભુજ) અને ફૈઝલ કાસમ લંગા (રહે. ભાણવડ જી.જામનગર) ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારે પોલીસે હાલ વોન્ટેડ આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. તેમજ આરોપીઓ પાસેથી 81,500 રૂપિયાનો મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો છે.